ગુજરાત સરકાર.

શિક્ષણ વિભાગ.

સુધારા ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૨૦૧૧/૨૩૭૦/ખ.

સચિવાલય, ગાંધીનગર

તારીખ: 20 JAN 2014

વંચાણે લીધા-

(૧) યુ.જી.સી.રેગ્યુલેશન્સ ઓન મીનીમમ ક્વોલીફીકેશન્સ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિક સ્ટાફ ઇન યુનિવર્સિટી એન્ડ કોલેજીસ એન્ડ મેઝર્સ ફોર ધ મેન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઇન હાયર એજ્યુકેશન,2010, તા.30-6-2010

(૨) વિભાગના તા.૨૯-૯-૨૦૧૧, તા.૧૪-૧૧-૨૦૧૧, તા.૪-૨-૨૦૧૨ અને તા.૨૮-૬-૨૦૧૨ ના સમાનાંકી ઠરાવો.

(3) વિભાગનો તા.૨૭-૪-૨૦૧૧ નો ઠરાવ ક્ર-એનજીસી/૧૧૨૦૧૧/૧૦૫૦/ખ.

(૪) યુ.જી.સી.નો તા.૧૩-૬-૨૦૧૩ નો સુધારા હુકમ ક્રમાંક-F.1-2/2009(EC/PS)V(i) Vol-II

સુધારા ઠરાવ-

બિન સરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો તથા શિક્ષણ (બી.એડ) વિધાશાખાની કોલેજોમાં આચાર્યની ભરતી કેન્દ્રિયકૃત રીતે કરવા માટે વિભાગના તા.૨૯-૯-૨૦૧૧ ના મૂળ ઠરાવથી યુજીસી રેગ્યુલેશન્સ-૨૦૧૦ નીચે થયેલ જોગવાઇઓને ધ્યાને લઇ જે તે સમયની પરિસ્થિતિ તેમજ માંગ મુજબ આચાર્યની લાયકાત, પસંદગી પ્રક્રિયા અર્થાત ગુણાંકન અને નિમણૂંક અંગે વિગતવાર હુકમો કરવામાં આવેલ અને ત્યારબાદ વખતોવખત સુધારા થયેલ છે. આ હુકમોમાં "જ્યાં સુધી ગુણાંકનની જોગવાઇઓ પૂરતું લાગુ પડે છે ત્યાં સુધી" અગાઉની જોગવાઇઓ રદ કરી નીચે મુજબ ગુણાંકન રાખવા માટે પુખ્ત વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે.

યુજીસી રેગ્યુલેશન્સ-૨૦૧૦ ના પારા - ૬.૦.૦ નીચે ૬.૦.૧ માં નિર્દિષ્ટ કર્યા મુજબની આચાર્યની ભરતી કરવા માટે યુજીસી ગાઇડલાઇનનો અમલ કરવા અને તદાનુસાર યુજીસીની માર્ગદર્શક સૂચનાના એપેન્ડીક્ષ-III માં ટેબલ -I થી IX માં

દર્શાવ્યા મુજબના ગુણાંકનને સ્થાને સેવા સીધી ભરતી માટે નિયત થયેલ નોકરી એપેન્ડીક્ષ-III માં ટેબલ-III માં દર્શાવ્યા મુજબની તેમજ યુ.જી.સી. દ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૪) થી સુધારેલ ગુણાંકન પધ્ધતિનો અમલ કરવાનો રહેશે.

આ અંગેનું વિગતવાર ગુણાંકન કે પસંદગી પ્રક્રિયા યુ.જી.સી.ની માર્ગદર્શક સૂચનાઓ મુજબ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૩) થી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીમાં રચીત થયેલ ઇન્ટર્નલ ક્વોલીટી એસ્યોરન્સ સેલ દ્વારા આખરી કરવાનું રહેશે.

ઉક્ત સુધારા સિવાય, અગાઉના ઠરાવો /હુકમોમાં રાખવામાં આવેલ, અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી) 20/1/2015

( એમ.એચ.ખુમાર )

ઉપ સચિવ,

શિક્ષણ વિભાગ.

A/C

(સહી) 20/1/15

પ્રતિ.

- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ-રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ-૨(એ એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ-રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય.
- નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, મહારાજા સયાજીરાવ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, વડોદરા
- રજીસ્ટ્રારશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.
- રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
- રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, હેમચંદ્રાચાર્ય, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
- રજીસ્ટ્રારશ્રી, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર-૩૬૪૦૦૨
- રજીસ્ટ્રારશ્રી, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા, કચ્છ, યુનિવર્સિટી, ભૂજ
- રજીસ્ટ્રારશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, જી. જુનાગઢ
- આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત આર્ટસ, સાયન્સ, કોમર્સ, કોલેજ ... ગુજરાત રાજ્ય, ગાંધીનગર/ ઉચ્ચ ...

રવાના
તા. 20 JAN 2015
સહી.......... (સહી) ..........